# ગુણોત્સવ -૫

૨૦-૨૧-૨૨ નવેમ્બર,૨૦૧૪

સ્વ અને બાહ્ય મૂલ્યાંકન



## શિક્ષણ વિભાગ

## ગુજરાત રાજ્ય

# મૂલ્યાંકન માર્ગદર્શિકા

શાળાનું નામ:______________________ ગામ / વોર્ડ __________

તાલુકો/શહેર: ______________________ જિલ્લો: __________

# પ્રસ્તાવના

પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા અભિવૃધ્ધિ માટે રાજ્ય સરકારના તમામ વિભાગોના સહયોગથી શિક્ષણ વિભાગ દ્વારા અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. આપ સૌના સહિયારા પ્રયાસથી પ્રાથમિક શિક્ષણમાં નામાંકન અને સ્થાયીકરણમાં આપણે ખૂબ સારી સિધ્ધિ હાંસલ કરી છે. અલબત્ત, શિક્ષણની ગુણવત્તા બાબતે આપણે હજી ઘણું કરવાનું બાકી છે. રાજ્ય સરકાર એ બાબતે ચિંતિત અને પ્રયત્નશીલ છે. આપ સૌ પણ અમારા પ્રયત્નોમાં સક્રિયતાથી સામેલ થાઓ છો એટલે ગુણવત્તા અભિવૃધ્ધિનું કામ પણ આપણે કરી શકીશું જ એવી શ્રધ્ધા છે.

ગુણોત્સવની નોંધ ભારત સરકાર (પ્લાનિંગ કમિશન)ની ૧૨ મી પંચવર્ષીય યોજનાના ડોક્યુમેન્ટમાં પણ એક સાફલ્યગાથા સ્વરૂપે લેવાઇ છે જે આપણા માટે ગૌરવની વાત છે. આપણે હજી પણ ગુણવત્તા સુધારણા માટે પ્રયત્નશીલ છીએ એટલે અગાઉના ત્રણ ગુણોત્સવની સાપેક્ષે ગુણોત્સવ-૪ માં કેટલાંક પ્રગતિશીલ પરિવર્તન કરવામાં આવ્યાં હતાં. ગુણોત્સવ-૩ સુધી આપણે બાળકોની સામુહિક શૈક્ષણિક ઉપલબ્ધિઓ અને શાળાકીય બાબતોને ધ્યાનમાં લઇને શાળા અને શિક્ષકોનું ગ્રેડિંગ કરતા હતા. ગુણોત્સવ-૪ થી દરેક બાળકનું વ્યક્તિગત પરિણામ પણ રાજ્યકક્ષાએથી તૈયાર કરીએ છીએ. આગામી વર્ષોમાં આ બાળકે કેટલી પ્રગતિ કરી એ પણ જોઇ શકાશે. **ચાઇલ્ડ ટ્રેકિંગ** તરીકે ઓળખાતી આ બાબત પોતે જ એક મહત્વનું સીમાચિહ્ન છે. **દરેક બાળકને યુનિક આઇ.ડી. નંબર આપવામાં આવ્યો છે, અને દરેક બાળકના યુનિક આઇ.ડી. મુજબ તેના મૂલ્યાંકનની વિગતોનું કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવી રહ્યું છે. જેના દ્વારા દર વર્ષે બાળકની શૈક્ષણિક પ્રગતિનો વર્ષવાર પ્રગતિ અહેવાલ જાણી શકાશે.** આગામી સમયમાં ગુણોત્સવ માત્ર મૂલ્યાંકનનો કાર્યક્રમ ન બની જાય પરંતુ સતત સુધારણાનો કાર્યક્રમ બને એ માટે ગુણોત્સવ પછીના ઉપચારાત્મક કાર્યક્રમને સઘન બનાવવાનું પણ આયોજન છે.

આ વર્ષે યોજાનાર ગુણોત્સવ-૫ અંતર્ગત પણ મુખ્યત્વે ત્રાણ બાબતોનો સમાવેશ થાય છે.

૧. બાળકોની શૈક્ષણિક સિધ્ધિ - કે જેનો ગુણભાર ૬૦% છે.

૨. સહ-અભ્યાસ પ્રવૃત્તિઓ - જેનો ગુણભાર ૨૦% છે.

૩. સંસાધનોનો ઉપયોગ અને લોક ભાગીદારીનું મૂલ્યાંકન - જેનો ગુણભાર ૨૦% છે.

ઉપરોક્ત પૈકી બાળકોની શૈક્ષણિક સિધ્ધિ અંતર્ગત ધોરણ ૨ થી ૫ નાં બાળકોનું વાચન,લેખન અને ગણન આધારિત મૂલ્યાંકન થશે. જ્યારે ધોરણ ૬ થી ૮ નાં બાળકોનું જે તે ધોરણના તમામ સાક્ષરી વિષયોને આવરી લેતી કસોટી દ્વારા મૂલ્યાંકન થશે. આ ઉપરાંત સહ અભ્યાસ પ્રવૃત્તિઓ અને સંસાધનોના ઉપયોગ તેમજ લોકભાગીદારી વગેરે બાબતોનું મૂલ્યાંકન પણ થશે. આમ, આ ત્રાણેય બાબતોને સમાવતું **શાળા રિપોર્ટ કાર્ડ** તૈયાર થશે.

ધોરણ ૨ થી ૫ ના વાચનની મુખ્ય અપેક્ષિત અધ્યયન ઉપલબ્ધિ (expected learning outcomes) તરીકે 'બાળકો યોગ્ય ઉચ્ચાર, ઝડપ અને આરોહ - અવરોહયુક્ત વાંચી શકે' એ છે. એટલે કે બાળકોએ મુખર વાચન કરવાનું છે. લેખનના મૂલ્યાંકન માટે શ્રુતલેખન રાખવામાં આવ્યું છે. જ્યારે ગણનના મૂલ્યાંકન માટે મુખ્ય અધ્યયન ઉપલબ્ધિઓ તરીકે જે તે ધોરણને અનુરૂપ સંખ્યાજ્ઞાન, સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારનો સમાવેશ કરવામાં આવ્યો છે. ધોરણ ૬ થી ૮ ના તમામ સાક્ષરી વિષયોની પસંદગીકૃત અપેક્ષિત અધ્યયન ઉપલબ્ધિઓ (વિશિષ્ટ હેતુઓ)ને સમાવતી ૧૦૦ ગુણની કસોટીની રચના કરવામાં આવી છે. **આ કસોટી ગુણોત્સવના દિવસે ૧૧.૦૦ થી ૧૨.૪૦ કલાક દરમ્યાન શાળા કક્ષાએ બાહ્ય મૂલ્યાંકનકારની ઉપસ્થિતિમાં યોજાશે. જે શાળામાં બાહ્ય મૂલ્યાંકનકાર ન જાય તે શાળા આ જ સમય દરમ્યાન જાતે જ કસોટી યોજશે.**

સહ-અભ્યાસ પ્રવૃત્તિઓ બાળકોના સર્વાંગી વિકાસમાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. ગુણોત્સવ અંતર્ગત શાળાકક્ષાએ યોજાતી સહઅભ્યાસ પ્રવૃત્તિઓ પૈકી પસંદગીકૃત પાંચ વિભાગોમાં વિવિધ પ્રવૃત્તિઓની ગુણવત્તાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રવૃત્તિઓમાં પ્રાર્થના, યોગ-વ્યાયામ, રમતગમત, બાળમેળા, ઈકો ક્લબ, વિષયવસ્તુ આધારિત પ્રવૃત્તિઓ, શાળા પુસ્તકાલય, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

બાળકોના સર્વાંગી શિક્ષણ માટે જરૂરી તમામ સંસાધન (માનવ સંસાધન સહિત)નો યોગ્ય ઉપયોગ થાય તે અનિવાર્ય છે. તેથી શૈક્ષણિક અને ભૌતિક ઉપરાંત માનવ સંસાધનના ઉપયોગ સહિતને સમાવતી બાબતોનું મૂલ્યાંકન 'સંસાધનોનો ઉપયોગ અને લોક ભાગીદારી નું મૂલ્યાંકન' વિભાગ અંતર્ગત કરવામાં આવનાર છે. આમાં પાઠ્યપુસ્તકો અને શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન, મધ્યાહ્ન ભોજન યોજના, પાણી અને શૌચાલય, કોમ્પ્યુટર અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી, લોક ભાગીદારી ઉપરાંત અન્ય બાબતોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

સરકારી અને અનુદાનિત તમામ પ્રાથમિક શાળાઓ પૈકી અંદાજે ૨૫ થી ૩૦% શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકનકાર દ્વારા મૂલ્યાંકન કરવામાં આવનાર છે. આ શાળાઓની પસંદગી બાહ્ય મૂલ્યાંકનકાર પોતે જ કરશે, પરંતુ દરેક શાળાએ શાળા મૂલ્યાંકન પત્રકો મુજબ શાળાનું સ્વમૂલ્યાંકન કરી રાખવું આવશ્યક છે. જે શાળામાં બાહ્ય મૂલ્યાંકનકાર જશે તેઓ એની ચકાસણી કરી ફાઇનલ ઓ.એમ.આર. પ્રતમાં મૂલ્યાંકન કરશે. આમ, શાળા મૂલ્યાંકન અંતર્ગત બંને મુખ્ય વિભાગોના ૧૧ પેટાવિભાગોનાં ૫૫ વિધાનોનું મૂલ્યાંકન ગુણોત્સવની તારીખ પહેલાં દરેક શાળાએ આ ગાઇડલાઇનમાં કરી રાખવું. **બાહ્ય મૂલ્યાંકનકાર સાંજે વાલીબેઠક દરમ્યાન વાલીઓ અને શિક્ષકો સાથે ચર્ચા કરી આ મૂલ્યાંકન પત્રક ભરશે.**

પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા અભિવૃધ્ધિ માટેના રાજ્ય સરકારના આ પ્રયાસમાં આપ પૂરતી સક્રિયતાથી અને સહર્ષ સામેલ થશો અને તટસ્થ રીતે મૂલ્યાંકન કરશો. શાળા કે વર્ગનો ગ્રેડ નબળો આવે તો ઉપચારાત્મક કાર્ય દ્વારા સુધારો થઇ શકશે પરંતુ ખોટું મૂલ્યાંકન તો સુધારણાની તક પણ છીનવી લે છે. તેથી મૂલ્યાંકનમાં ગેરરીતિ કરનાર શાળા કે શિક્ષક પર પગલાં પણ લેવામાં આવશે જેની ગંભીરતાથી નોંધ લેશો.

# અનુક્રમણિકા


| ક્રમ | | વિગત | પેજ નંબર |
|---|---|---|---|
| **૧.** | | **ગુણોત્સવ કાર્યક્રમ અંગે સામાન્ય સૂચનાઓ** | **૦૧** |
| **૨.** | | **શૈક્ષણિક મૂલ્યાંકન** | **૦૨** |
| | ૨.૦ | પ્રાસ્તાવિક | ૦૨ |
| | ૨.૧ | ધોરણ ૨ થી ૫ નાં બાળકોનું મૂલ્યાંકન | ૦૨ |
| | | ૨.૧.૧ વાચન | ૦૨ |
| | | ૨.૧.૨ લેખન | ૦૩ |
| | | ૨.૧.૩ ગણન | ૦૩ |
| | ૨.૨ | ધોરણ ૬ થી ૮ વિષયવસ્તુ સંબંધિત કસોટી | ૦૪ |
| | | ૨.૨.૧ ધોરણ ૬ થી ૮ ની કસોટીનું સ્વરૂપ | ૦૫ |
| **૩.** | | **સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન** | **૦૬** |
| **૪.** | | **સંસાધનોનો ઉપયોગ અને લોક ભાગીદારીનું મૂલ્યાંકન** | **૧૨** |

# ૧. ગુણોત્સવ કાર્યક્રમ અંગે સામાન્ય સૂચનાઓ

૧.૦ આ વખતે યોજાનાર ગુણોત્સવ-૫ પણ ગુણોત્સવ-૪ ની તરાહથી યોજાઇ રહ્યો છે.

૧.૧ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન ગુણોત્સવ એક જ તબક્કામાં યોજવામાં આવશે. એટલે કે સ્વ મૂલ્યાંકન અને બાહ્ય મૂલ્યાંકન એક સાથે યોજાશે. શાળા કક્ષાએ થનાર સ્વ કે બાહ્ય મૂલ્યાંકન તા. ૨૦-૨૧-૨૨ નવેમ્બર, ૨૦૧૪ દરમ્યાન કરવામાં આવશે.

૧.૨ આ ગુણોત્સવમાં ધોરણ ૨ થી ૮ નાં બાળકોની શૈક્ષણિક સિધ્ધિ, શાળામાં યોજાતી સહ-અભ્યાસ પ્રવૃત્તિઓ તથા સંસાધનોના ઉપયોગ અને અન્ય આનુસંગિક બાબતોનો સમાવેશ કરવામાં આવશે.

૧.૩ શાળાના એકંદર ગુણાંકનમાં બાળકોની શૈક્ષણિક સિધ્ધિનો ગુણભાર ૬૦%, શાળાની સહઅભ્યાસ પ્રવૃત્તિઓનો ગુણભાર ૨૦% તથા સંસાધનોના ઉપયોગ તથા અન્ય બાબતોનો ગુણભાર ૨૦% રાખવામાં આવશે.

૧.૪ ધોરણ ૨ થી ૫ નાં બાળકોની શૈક્ષણિક સિધ્ધિ એમના વાચન, લેખન, ગણન કૌશલ્ય આધારિત હશે. જ્યારે ધોરણ ૬ થી ૮ નાં બાળકોને જે તે ધોરણના સાક્ષરી વિષયોના પ્રથમ સત્રના અભ્યાસક્રમ આધારિત કસોટી આપવામાં આવશે.

૧.૫ ધોરણ ૬ થી ૮ નાં બાળકો માટેની કસોટીનો સમયગાળો ૧૦૦ મિનિટનો રહેશે. આ કસોટીઓ ઓ.એમ.આર. આધારિત હશે. જેમાં બાળકે પ્રશ્નપત્રમાં આપેલા ચાર વિકલ્પો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી, અલગથી આપેલ ઓ.એમ.આર. શીટમાં જે તે વિકલ્પના વર્તુળમાં કાળી અથવા વાદળી પેનથી રંગવાનું/ઘૂંટવાનું છે. બાળકો દ્વારા ભરવામાં આવેલ ઓ.એમ.આર. શીટ રાજ્ય કક્ષાએ પરત જમા કરાવવાની રહેશે. આ ઓ.એમ.આર. શીટનું સ્કેનિંગ થઇને દરેક બાળકનું પરિણામ રાજ્યકક્ષાએ તૈયાર થશે.

૧.૬ ગુણોત્સવ અંતર્ગત શાળાકક્ષાએ યોજાતી સહઅભ્યાસ પ્રવૃત્તિઓ પૈકી પસંદગીકૃત પાંચ વિભાગોમાં વિવિધ પ્રવૃત્તિઓની ગુણવત્તાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રવૃત્તિઓની ગુણવત્તા મુજબ આપેલ ઓ.એમ.આર. શીટમાં ૦ થી ૫ પૈકી યોગ્ય ગુણાંકન કરવાનું છે. સહ-અભ્યાસ પ્રવૃત્તિના પાંચ મુખ્ય વિભાગોમાં કુલ ૨૫ વિધાન છે. આ ૨૫ વિધાનની સરેરાશ સિધ્ધિનો શાળા ગુણાંકનમાં ૨૦% ગુણભાર છે.

૧.૭ શાળા કક્ષાએ ઉપલબ્ધ વિવિધ સંસાધનોના ઉપયોગ સંદર્ભે પણ સહ-અભ્યાસ પ્રવૃત્તિઓ જેવું જ ઓ.એમ.આર. આધારિત મૂલ્યાંકન પત્રક આપવામાં આવ્યું છે. આ ૩૦ વિધાનોની સરેરાશ સિધ્ધિનો પણ શાળા ગુણાંકનમાં ૨૦% ગુણભાર છે.

આમ, શૈક્ષણિક સિધ્ધિનો ગુણભાર ૬૦%, સહ-અભ્યાસ પ્રવૃત્તિનો ગુણભાર ૨૦% અને સંસાધનોના ઉપયોગનો ગુણભાર ૨૦% એમ કુલ ૧૦૦% ગુણભારમાંથી શાળાને ખરેખર મળતા ગુણને આધારે શાળાનું ગ્રેડિંગ કરવામાં આવશે.

# ૨. શૈક્ષણિક મૂલ્યાંકન

## ૨.૦ પ્રાસ્તાવિક

ગુણોત્સવ અંતર્ગત ૬૦% ગુણભાર વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિધ્ધિને આપવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓએ અપેક્ષિત અધ્યયન ઉપલબ્ધિઓ કેટલે અંશે સિધ્ધ કરી છે તેના આધારે આ ગુણાંકન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિધ્ધિના મૂલ્યાંકનના મુખ્યત્વે બે વિભાગ છે- ૧. ધોરણ ૨ થી ૫ અને ૨. ધોરણ ૬ થી ૮. આ પૈકી ધોરણ ૨ થી ૫ માં માત્ર વાચન, લેખન અને ગણનનું મૂલ્યાંકન થશે જ્યારે ધોરણ ૬ થી ૮ માં તમામ સાત સાક્ષરી વિષયોની અપેક્ષિત અધ્યયન ઉપલબ્ધિઓના સંદર્ભમાં મૂલ્યાંકન થશે.

## ૨.૧ ધોરણ ૨ થી ૫ નાં બાળકોનું મૂલ્યાંકન

ધોરણ ૨ થી ૫ નાં બાળકોનું વાચન, લેખન અને ગણનનું મૂલ્યાંકન જે તે મૂલ્યાંકનકારે કરવાનું છે.

### *૨.૧.૧ વાચન*

A. ધોરણ ૨ થી ૫ નાં બાળકો તમામ મૂળાક્ષરો, માત્રાઓ અને જોડાક્ષરો દ્વારા બનતા શબ્દોથી પરિચિત છે. દરેક બાહ્ય મૂલ્યાંકનકારને રાજ્ય કક્ષાએથી જે તે શાળાનાં પ્રશ્નપત્રો સાથે જ વાચન-લેખન માટેની સામગ્રી આપવામાં આવશે.

B. આ અગાઉ યોજાયેલ ગુણોત્સવની જેમ જે તે ધોરણ મુજબ પાંચ શબ્દો, પાંચ વાક્યો કે પાંચ વાક્યથી બનતા સળંગ ફકરાનું વાચન કરાવવાનું છે. દરેક શબ્દ/વાક્યના બે ગુણ એમ કુલ ૧૦ ગુણમાંથી ગુણાંકન કરવાનું છે.

C. મૂલ્યાંકનકારે વાચનસામગ્રી તરીકે પસંદ કરેલ શબ્દો, વાક્યો કે ફકરાનું મુખરવાચન બાળકો પાસે કરાવવાનું છે. બાળકોએ કરેલ મુખરવાચન પરથી બાળકોને ૦ થી ૧૦ પૈકી ગુણ નમૂનામાં આપેલા મૂલ્યાંકન પત્રકમાં નિર્દિષ્ટ કરવાના છે. વાચન અંતર્ગત મૂલ્યાંકન વખતે સાચું વાચન/ઉચ્ચારણ (મૂળાક્ષરોની સાચી ઓળખ), વાચનની ઝડપ, વિરામ ચિહ્નનો ઉપયોગ, યોગ્ય આરોહ-અવરોહ વગેરે બાબતોને ધ્યાનમાં લઇને બાળકોને ગુણ આપવા.

| **ક્રમ** | **બાળકનું નામ** | **વાચન** | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **ગુણ** | **૦** | **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** | **૮** | **૯** | **૧૦** |
| ૧ | રીના | | | | | | | | | ✓ | | |
| ૨ | મીના | | | | ✓ | | | | | | | |
| ૩ | ઇકબાલ | | | | | | | | ✓ | | | |
| ૪ | રાજેશ | | ✓ | | | | | | | | | |

### ૨.૧.૨ લેખન

A. વાચન સામગ્રી તરીકે પસંદ કરેલી ફ્રેમ સિવાયની અન્ય ફ્રેમની પસંદગી લેખન માટે કરવાની છે. ધોરણ ૨ થી ૫ ના તમામ બાળકોને શ્રુતલેખન કરાવીને લેખનનું મૂલ્યાંકન કરાવવામાં આવશે. બાળકોએ કરેલ શ્રુતલેખન ચકાસીને બાળકોને ૧૦ માંથી ગુણ આપવા.

B. ધોરણ ૨ નાં બાળકોને ૫ શબ્દોનું લેખન, ધોરણ ૩ નાં બાળકોને ૫ સ્વતંત્ર વાક્યોનું લેખન, ધોરણ ૪ નાં બાળકોને પાંચ નાનાં વાક્યોથી બનતા ફકરાનું લેખન તથા ધોરણ ૫ નાં બાળકોને પાંચ વાક્યોના એક સળંગ ફકરાનું લેખન કરાવવું. અહીં પણ વાચનની જેમ પ્રતિ શબ્દ/વાક્ય બે ગુણ ગણવા.

C. લેખનના મૂલ્યાંકનમાં સાચું લખાણ, સુઘડ લખાણ, શબ્દો વચ્ચે યોગ્ય અંતર, વાક્યો વચ્ચે યોગ્ય અંતર, વિરામ ચિહ્નોનો ઉપયોગ વગેરેને ધ્યાને લઇને ગુણાંકન કરવું.

| **ક્રમ** | **બાળકનું નામ** | **લેખન** | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **ગુણ** | **૦** | **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** | **૮** | **૯** | **૧૦** |
| ૧ | રીના | | | | | | | | | √ | | |
| ૨ | મીના | | | | √ | | | | | | | |
| ૩ | ઇકબાલ | | | | | | | | √ | | | |
| ૪ | રાજેશ | | √ | | | | | | | | | |

### ૨.૧.૩ ગણન:

બાળકોના ગણનનું મૂલ્યાંકન પણ બાળકોના ધોરણને અનુરૂપ સંખ્યાજ્ઞાન, સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારના દાખલા (કુલ પાંચ પ્રશ્નો) પૂછવામાં આવશે. દરેક પ્રશ્નનો ગુણભાર ૨ રાખવામાં આવશે. વાચન અને લેખનમાં આપણે બાળકને ૧૦ માંથી ગુણ આપીએ છીએ જ્યારે ગણનમાં પ્રશ્નદીઠ ૨ માંથી ગુણ આપવાના છે. જે બાળકને કશું જ નથી આવડતું તે બાળકને ૦ ગુણ આપવાના રહેશે. ગુણાંકન વખતે એક બાબતનો ખ્યાલ રાખવો કે બાળકનો જવાબ ખોટો હોય પરંતુ પ્રક્રિયા સાચી હોય એટલે કે બાળક જે તે સંકલ્પનાની સમજ ધરાવતું હોય તો એને ૧ ગુણ આપવો.

અહીં ખાસ ખ્યાલ રહે કે, બાહ્ય મૂલ્યાંકનકારે (રાજ્ય દ્વારા આપવામાં આવેલ) નિયત મૂલ્યાંકન પત્રકમાં જ ગુણ નિર્દેશન કરવાનું છે. આ ગુણપત્રક રાજ્ય કક્ષાએ મોકલવાનું છે, તેનું સ્કેનિંગ રાજ્ય કક્ષાએ થશે. જેનાથી બાળકદીઠ અને અધ્યયનક્ષેત્ર દીઠ પરિણામ તૈયાર થશે.

આપની સમજ માટે નીચે એક નમૂનો આપેલો છે.

| **ક્રમ** | **બાળકનું નામ** | **બિલકૂલ નહી** | **સંખ્યાજ્ઞાન** | | **સરવાળો** | | **બાદબાકી** | | **ગુણાકાર** | | **ભાગાકાર** | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **ગુણ** | **૦** | **૧** | **૨** | **૧** | **૨** | **૧** | **૨** | **૧** | **૨** | **૧** | **૨** |
| ૧ | રીના | | | √ | | √ | √ | | √ | | | |
| ૨ | મીના | | | √ | | √ | √ | | | √ | √ | |
| ૩ | ઇકબાલ | | √ | | | | | √ | √ | | √ | |
| ૪ | રાજેશ | √ | | | | | | | | | | |

બાળકને પાંચેય પ્રશ્નોના પ્રશ્ન દીઠ ગુણ આપવા. દા.ત. સરવાળાના પ્રશ્નનો બાળકનો દાખલો સાચો હોય તો સરવાળાના કોલમમાં ૨- ગુણ પર √ ટીકમાર્ક કરવું.

ઉપરોક્ત નમૂના પરથી ખ્યાલ આવે છે કે ક્રમ નં-૧ રીનાને સંખ્યાજ્ઞાનમાં ૨ ગુણ, સરવાળામાં ૨ ગુણ મળે છે. જ્યારે બાદબાકીમાં ૧ ગુણ મળે છે. અહી એક ગુણનો અર્થ એવો છે કે રીનાને બાદબાકીની સંકલ્પના/પ્રક્રિયાની ખબર છે પણ દશકો લેવાની અથવા અન્ય કોઇ ભૂલને લીધે એનો જવાબ ખોટો છે. તેથી એને બાદબાકીમાં ૧ ગુણ મળે છે. એ જ રીતે ગુણાકારમાં પણ રીનાને પ્રક્રિયા અને સંકલ્પનાની ખબર છે પરંતુ જવાબ ખોટો લખ્યો છે તેથી ૧ ગુણ મળે છે. રીનાને ભાગાકાર બિલકૂલ આવડતો નથી માટે ભાગાકારમાં એકપણ ગુણ મળતો નથી. આ જ રીતે ક્રમ નંબર ૪ રાજેશને કશું જ આવડતું નથી તેથી રાજેશ માટે 'બિલકૂલ નહી' વાળા કોલમમાં √ ટીકમાર્ક કરેલ છે.

જે બાળક ગેરહાજર હોય તે બાળકના એક પણ કોલમમાં √ ટીકમાર્ક કરવાનું નથી. આ મૂલ્યાંકન પત્રકમાં જે બાળકની સામેનાં તમામ ખાનાં ખાલી હશે તે બાળકને ગેરહાજર ગણવામાં આવશે.

## ૨.૨ ધોરણ ૬ થી ૮ વિષયવસ્તુ સંબંધિત કસોટી

અગાઉ જણાવ્યા મુજબ ગુણોત્સવ-૪ અંતર્ગત મૂલ્યાંકન માળખામાં મુખ્ય ત્રણ બાબતો -વિદ્યાર્થીઓની શૈક્ષણિક ઉપલબ્ધિ, શાળાની સહઅભ્યાસ પ્રવૃત્તિઓ અને સંસાધનોના ઉપયોગનો સમાવેશ થાય છે. આ ત્રાણેય વિભાગોનો ગુણભાર અનુક્રમે ૬૦%, ૨૦% અને ૨૦% રાખવામાં આવ્યો છે. આ પૈકી બાળકોની શૈક્ષણિક સિધ્ધિ અંતર્ગત ધોરણ ૨ થી ૫ માં વાચન, લેખન અને ગણનનો સમાવેશ થયેલો છે. જ્યારે ધોરણ ૬ થી ૮ નાં બાળકો માટે સાતેય વિષયો(ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, ગણિત, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ટેક્નોલોજી)ને સમાવતી ૧૦૦ કલમોની કસોટી લેવામાં આવશે.

### *૨.૨.૧ ધોરણ ૬ થી ૮ ની કસોટીનું સ્વરૂપ*

A. જે તે ધોરણના તમામ સાત સાક્ષરી વિષયો (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, ગણિત, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ટેક્નોલોજી)ને એક જ કસોટીમાં સમાવેશ કરવામાં આવેલ છે.

B. આ પ્રશ્નપત્રમાં જે તે વિષયમાં સમાવિષ્ટ પ્રથમ સત્રના અભ્યાસક્રમનો સમાવેશ કરવામાં આવેલ છે.

C. આ પ્રશ્નપત્ર ઓ.એમ.આર. આધારિત છે. જેમાં ઓ.એમ.આર. શીટ પ્રશ્નપત્રથી અલગ છે. જે તે પ્રશ્નના જવાબરૂપે આપેલા ચાર વિકલ્પો પૈકી સાચા વિકલ્પ પર વિદ્યાર્થીએ જાતે જ કાળી અથવા વાદળી પેનથી ઘૂંટવાનું છે.

D. દરેક વિદ્યાર્થીની ઓ.એમ.આર. શીટ અલગ અલગ હશે. દરેક ઓ.એમ.આર. શીટમાં વિદ્યાર્થીનું નામ અગાઉથી છાપેલું હશે. દરેક વિદ્યાર્થીને પોતાની જ ઓ.એમ.આર. શીટ મળે તે રીતે કાળજીપૂર્વક વિતરણ કરવાનું રહેશે.

E. દરેક ધોરણના પ્રશ્નપત્રમાં ૧૦૦ પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવેલ છે. પ્રશ્નપત્ર માટેનો સમયગાળો ૧૦૦ મિનિટ રાખવામાં આવેલ છે.

F. દરેક પ્રશ્નપત્રમાં સમાવિષ્ટ કુલ ૧૦૦ પ્રશ્નો પૈકી ગુજરાતીના ૨૦ પ્રશ્નો, ગણિતના ૨૦ પ્રશ્નો, વિજ્ઞાન અને ટેક્નોલોજીના ૧૫ પ્રશ્નો, સામાજિક વિજ્ઞાનના ૧૫ પ્રશ્નો, અંગ્રેજીના ૧૫ પ્રશ્નો, હિન્દીના ૧૦ પ્રશ્નો તથા સંસ્કૃતના ૫ પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવેલ છે. **કસોટીનો સમયગાળો સવારે ૧૧.૦૦ થી ૧૨.૪૦ કલાક છે.**

G. પ્રશ્નપત્રનો સમય પૂર્ણ થયેથી મૂલ્યાંકનકારે દરેક વિદ્યાર્થી પાસેથી ઓ.એમ.આર. શીટ પરત મેળવી લેવાની છે અને મળેલ સૂચના મુજબ પેક કરી દેવાની છે. આ ઓ.એમ.આર.શીટ શાળામાંથી રાજ્ય કક્ષાએ કેવી રીતે આવશે તેની અલગ સૂચના આપવામાં આવશે.

H. આ કસોટીના દિવસે શાળાનાં તમામ બાળકો હાજર રહે તેવા સઘન પ્રયત્નો કરવા. ગેરહાજર વિદ્યાર્થીની ઓ.એમ.આર. શીટ યથાસ્થિતિમાં પરત જમા કરાવવાની રહેશે.

I. ગુણોત્સવ અંતર્ગત મૂલ્યાંકનના આખા દિવસ દરમિયાન બાહ્ય મૂલ્યાંકનકાર અને શિક્ષકોએ નિયત સમય પત્રક મુજબ કાર્ય કરવાનું રહેશે.

# ૩. સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન

વર્ષ દરમ્યાન શાળામાં વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ યોજાતી હોય છે. શાળાની ગુણવત્તામાં અને બાળકોની શૈક્ષણિક ગુણવત્તામાં આ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. શાળામાં યોજાતી વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ પૈકી ગુણોત્સવ દરમ્યાન થનાર મૂલ્યાંકન માટે અમુક પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં મુખ્યત્વે પ્રાર્થનાસભા, યોગ-વ્યાયામ અને રમતગમત, વિષયવસ્તુ આધારિત પ્રવૃત્તિઓ, શાળા પુસ્તકાલય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

સહઅભ્યાસ પ્રવૃત્તિઓની ગુણવત્તાને ધ્યાને લઇ તેનું મૂલ્યાંકન કરવામાં આવશે. જે તે પ્રવૃત્તિના શીર્ષક નીચે આપેલ વિધાનોને ઉત્તમ, ખૂબ સારું, સારું, મધ્યમ, નબળું અને બિલકૂલ નહી એવા ગુણાત્મક પરિમાણોને ધ્યાને લઇને લાગુ પડતા ખાનામાં (✓) ટીકમાર્ક કરવાનું છે.

## ૩.૧ પ્રાર્થના

શાળાઓમાં નિયમિત રીતે પ્રાર્થનાસભા થાય છે. પ્રાર્થનાસભામાં બાળકોની ભાગીદારી, પ્રાર્થનાસભામાં વૈવિધ્ય વગેરે જેવા ઘટકોને આધારે શાળાની પ્રાર્થનાસભાનું મૂલ્યાંકન કરવાનું છે.

નીચે આપેલ નમૂના જેવા મૂલ્યાંકન પત્રકમાં જ તમામ પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કરવામાં આવશે.

| | **પ્રવૃત્તિ મૂલ્યાંકનનાં ધોરણો** | **ઉત્તમ** | **ખૂબ સારું** | **સારું** | **મધ્યમ** | **નબળું** | **બિલકૂલ નહી** |
|---|---|---|---|---|---|---|---|
| | **ગુણાંકન** | ૫ | ૪ | ૩ | ૨ | ૧ | ૦ |
| **૧.૦** | **પ્રાર્થના** | | | | | | |
| ૧.૧ | પ્રાર્થનાસભામાં તમામ બાળકો સક્રિય રીતે ભાગ લે છે. | | | | | | |
| ૧.૨ | પ્રાર્થનાસભાનું સંચાલન બાળકો દ્વારા (કન્યાઓની સપ્રમાણ ભાગીદારી સહિત) થાય છે | | | | | | |
| ૧.૩ | પ્રાર્થનાસભામાં વિવિધ વાજીંત્રોનો ઉપયોગ બાળકો કરે છે. | | | | | | |
| ૧.૪ | પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચાર વાચન, પ્રશ્નોત્તરી જેવી પ્રવૃત્તિઓ થાય છે. | | | | | | |
| ૧.૫ | પ્રાર્થનાની પસંદગી તેમજ સમગ્રતયા રજુઆતમાં પૂરતું વૈવિધ્ય રાખવામાં આવે છે. | | | | | | |

૩.૧.૧ દા.ત. ઉપરોક્ત નમૂનામાં વિધાન ક્રમાંક ૧.૧ પ્રાર્થનાસભામાં બાળકોની સામેલગીરી સંદર્ભે છે. આ વિધાન આ મુજબ છે. ***'પ્રાર્થનાસભામાં તમામ બાળકો સક્રિય રીતે ભાગ લે છે.'*** જો શાળાનાં તમામ બાળકો પ્રાર્થના સભામાં સક્રિય રીતે ભાગ લેતાં હોય એટલે કે પ્રાર્થના, ભજન, ધૂન, પ્રતિજ્ઞા, રાષ્ટ્રગીત-રાષ્ટ્રગાન વગેરેનું સમૂહગાન ગાવામાં બધાં બાળકો સક્રિયતાથી જોડાતાં હોય તો 'ઉત્તમ'ના કોલમમાં ટીકમાર્ક કરવું. જો મોટાભાગનાં બાળકો જોડાતાં હોય તો ખૂબ સારું, અડધાંથી વધુ બાળકો જોડાય તો સારું, અડધાથી ઓછાં બાળકો જોડાતાં હોય તો મધ્યમ, થોડાંક જ બાળકો જોડાય તો નબળું અને બાળકો માત્ર શ્રવણ જ કરતાં હોય તો બિલકૂલ નહી - વાળા કોલમમાં ટીક માર્ક કરવાનું છે.

૩.૧.૨ આ જ રીતે વિધાન ૧.૨ અંતર્ગત પ્રાર્થનાસભાના સંચાલનમાં બાળકોની અને ખાસ કરીને કન્યાઓની સપ્રમાણ સામેલગીરીનું મૂલ્યાંકન કરવાનું છે. એટલે કે પ્રાર્થનાસભાનું સંચાલન બાળકો દ્વારા થાય, કન્યાઓ અને કુમાર બંને પ્રાર્થના, ભજન, ધૂન, રાષ્ટ્રગીત વગેરે ગવડાવવામાં તેમજ ક્વીઝ, સમાચાર વાચન જેવી પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લે તે ચકાસવાનો હેતુ છે. જો કન્યાઓ માત્ર પ્રાર્થના ગવડાવે અને કુમાર દ્વારા ભજન, ધૂન, રાષ્ટ્રગીત વગેરે ગવડાવવામાં આવે તો કન્યાઓની સામેલગીરી સપ્રમાણ નથી એમ કહેવાય. પ્રાર્થનાસભા અંતર્ગત દરેક પ્રવૃત્તિનું સંચાલન બાળકો દ્વારા થતું હોય અને સંચાલનમાં કુમાર અને કન્યાઓની સપ્રમાણ ભાગીદારી હોય તો જ ઉત્તમના ખાનામાં ટીકમાર્ક કરવાનું છે. અન્યથા આ વિધાનનો ભાવાર્થ સમજી, ઉતરતા ક્રમમાં ટીકમાર્ક કરવાનું છે.

૩.૧.૩ ક્રમાંક ૧.૩ અંતર્ગત પ્રાર્થનાસભામાં હાર્મોનિયમ, તબલાં/ઢોલક, ખંજરી-મંજીરા જેવાં તમામ વાદ્યો બાળકો વગાડતાં હોય તો ઉત્તમ ગણાય. વાદ્યની વિવિધતા અને તે વગાડવામાં બાળકોની સામેલગીરી મુજબ ગુણાંકન કરવું.

૩.૧.૪ ક્રમાંક ૧.૪ પાછળનો ભાવાર્થ એ છે કે પ્રાર્થનાસભાનો ઉપયોગ શૈક્ષણિક ગુણવત્તામાં અભિવૃધ્ધિ માટે થવો જોઇએ. જો પ્રાર્થનામાં નિયમિત રીતે ઘડિયાગાન, સમાચાર વાચન, (ક્વીઝ)પ્રશ્નોત્તરી વગેરે જેવી પ્રવૃત્તિઓ થતી હોય તો ઉત્તમ ગણાય. આ પૈકીની કેટલીક પ્રવૃત્તિઓ થતી હોય અથવા આ પ્રવૃત્તિઓ દરરોજ નહી, પરંતુ સમયાંતરે થતી હોય તો પ્રવૃત્તિઓની વિવિધતા અને વારંવારિતા(પુનરાવર્તન)ને ધ્યાનમાં લઇને યોગ્ય ખાનામાં ગુણાંકન કરવું.

૩.૧.૫ ક્રમાંક ૧.૫ નો આશય પ્રાર્થનાસભામાં વૈવિધ્ય જાળવવાનો છે. વર્ષ દરમ્યાન બાળકોને ઓછામાં ઓછી ૨૦-૨૫ પ્રાર્થનાઓ, ૨૦-૨૫ ભજન વગેરે શીખવા મળવાં જોઇએ. આ ઉપરાંત, પ્રાર્થનાસભામાં સમાવિષ્ટ અન્ય પ્રવૃત્તિઓ જેવી કે ક્વીઝ, અભિનયગીત, વાર્તાકથન, અભિનય, પુસ્તક સમીક્ષા, ગુરૂવાણી, સંવાદ, સ્થાનિક તજજ્ઞનો વાર્તાલાપ વગેરે જેવી નાવીન્યસભર પ્રવૃત્તિઓ નિયમિત રીતે થતી હોવી જોઇએ. આમ, પ્રાર્થના સભાની પ્રવૃત્તિઓમાં જાળવવામાં આવતા વૈવિધ્યને ધ્યાને લઇને ગુણાંકન કરવું.

## ૩.૨ યોગ, વ્યાયામ અને રમતગમત

| ૨.૦ | **યોગ, વ્યાયામ અને રમતગમત** | **ઉત્તમ** | **ખૂબ સારું** | **સારું** | **મધ્યમ** | **નબળું** | **બિલકૂલ નહી** |
|---|---|---|---|---|---|---|---|
| | ગુણ | **૫** | **૪** | **૩** | **૨** | **૧** | **૦** |
| ૨.૧ | શાળાનાં તમામ બાળકો યોગિક ક્રિયાઓમાં ભાગ લે છે. | પ્રાર્થનાસભાની જેમ બાળકોની સામેલગીરીના માપદંડો અનુસરવા. | | | | | |
| ૨.૨ | શાળાનાં બાળકોએ રમતોત્સવ અથવા ખેલ મહાકૂંભમાં રાજ્ય/જિલ્લા/તાલુકા/ક્લસ્ટર કક્ષાએ ભાગ લીધો છે. | છેલ્લાં બે વર્ષ દરમ્યાન એકપણ વાર શાળાનાં બાળકોએ રાજ્યકક્ષાએ ભાગ લીધો હોય તો ઉત્તમ, જિલ્લા કક્ષાએ ભાગ લીધો હોય તો ખૂબ સારું એ મુજબ ક્લસ્ટર કક્ષાએ ભાગ લીધો હોય તો મધ્યમ ગણાય. અત્રે એ ધ્યાનમાં લેવાનું કે એક કરતાં વધુ રમતોમાં જિલ્લા કક્ષાએ ભાગ લીધો હોય તો પણ ઉત્તમ ગણાય. આમ, એક કરતાં વધુ રમતોમાં ભાગ લેનાર જે તે સ્તર કરતાં એક સ્તર વધુના ગુણાંકનને પાત્ર છે. (મૂલ્યાંકનકારે આધાર તરીકે પ્રમાણપત્રો ચકાસવા) | | | | | |
| ૨.૩ | દર અઠવાડિયે શાળામાં સમૂહ કવાયત થાય છે | દર અઠવાડિયે એકવાર શાળાનાં તમામ બાળકો એકસાથે સમૂહ કવાયતમાં જોડાતાં હોય, તાલબધ્ધ રીતે તમામ બાળકો અંગ કસરતના ૮-૧૦ દાવ કરતાં હોય તો ઉત્તમ ગણાય. (મૂલ્યાંકનકારે બાળકોને પૂછીને આ પ્રવૃત્તિ અંગે ખાતરી કરવી) | | | | | |
| ૨.૪ | દરેક ધોરણનાં બાળકોને રમત-ગમત અને વ્યાયામની નિયમિત તક મળે છે. | સમૂહ કવાયતના તાસ ઉપરાંત દરેક ધોરણમાં અઠવાડિયે ઓછામાં ઓછો એક તાસ વ્યાયામનો હોય, આ તાસમાં બાળકો શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વ્યવસ્થિત રીતે વિવિધ રમતો રમતાં હોય તો ઉત્તમ ગણાય. (મૂલ્યાંકનકારે બાળકોને પૂછીને આ પ્રવૃત્તિ અંગે ખાતરી કરવી) | | | | | |
| ૨.૫ | રમતગમતની દરેક પ્રવૃત્તિમાં કન્યાઓની સપ્રમાણ ભાગીદારી હોય છે. | શાળામાં રમાતી બધી જ રમતો કુમાર અને કન્યા બંને રમતાં હોય તો ઉત્તમ ગણાય. દા.ત. કબડ્ડી અને ક્રિકેટ માત્ર કુમાર રમતા હોય અને લંગડી, દોરડા કૂદ જેવી રમતો માત્ર કન્યાઓ રમતી હોય તો તે યોગ્ય ન ગણાય. કુમાર રમતા હોય તેવી તમામ રમતો કન્યાઓને પણ રમાડવામાં આવતી હોય તો જ ઉત્તમ ગણાય. (મૂલ્યાંકનકારે બાળકોને પૂછીને આ પ્રવૃત્તિ અંગે ખાતરી કરવી) | | | | | |
| **૩.૦** | **વિષયવસ્તુ આધારિત પ્રવૃત્તિઓ, બાળમેળો અને ઈકો ક્લબ** | **ઉત્તમ** | **ખૂબ સારું** | **સારું** | **મધ્યમ** | **નબળું** | **બિલકૂલ નહી** |
| ૩.૧ | વિવિધ વિષયવસ્તુ આધારિત પ્રોજેક્ટ્સ પૂરતા | વિષયશિક્ષણના ભાગરૂપે તમામ વિષયો અંતર્ગત અપેક્ષિત | | | | | |

| | | |
|---|---|---|
| | પ્રમાણમાં અને ગુણવત્તાયુક્ત રીતે કરવામાં આવે છે. | તમામ પ્રોજેક્ટ કાર્ય થતું હોય, શાળામાં ચાલતાં વિવિધ વિષયમંડળો દ્વારા વિષય આધારિત પ્રોજેક્ટ કરવામાં આવતા હોય, પ્રોજેક્ટમાં બધાં બાળકોની સામેલગીરી હોય, દરેક પ્રોજેક્ટ કાર્યનું વર્ગમાં બાળકો દ્વારા પ્રેઝન્ટેશન/નિદર્શન થતું હોય તો ઉત્તમ ગણાય. (મૂલ્યાંકનકારે આ વર્ષે થયેલ પ્રોજેક્ટ્સ ચકાસવા અને બાળકોને પૂછીને આ પ્રવૃત્તિ અંગે ખાતરી કરવી) |
| ૩.૨ | વિષય આધારિત બુલેટિનબોર્ડ પર અદ્યતન વિગતો મૂકાય છે. | શાળામાં વિવિધ વિષયો/પ્રવૃત્તિઓનાં બુલેટિન બોર્ડ હોય જેમાં બાળકો દ્વારા અવારનવાર વિવિધ માહિતી મૂકવામાં આવતી હોય, દરેક વર્ગખંડમાં બુલેટિન બોર્ડ હોય જેમાં જે એકમો ચાલતા હોય તેની વિગતો પ્રદર્શિત કરવામાં આવતી હોય અને વર્ગશિક્ષણ દરમ્યાન આ બુલેટિન બોર્ડનો ઉપયોગ કરવામાં આવતો હોય તો ઉત્તમ ગણાય. (મૂલ્યાંકનકારે આ વર્ષે બુલેટિન બોર્ડ પર મૂકાયેલી વિગતો ચકાસવી અને ગુણોત્સવના દિવસે પણ બુલેટિન બોર્ડ જોઇને ખાતરી કરવી) |
| ૩.૩ | શાળાનાં બાળકોએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં રાજ્ય/જિલ્લા/તાલુકા/ક્લસ્ટર કક્ષાએ ભાગ લીધો છે | શાળાનાં બાળકોએ રાજ્યકક્ષાએ ભાગ લીધો હોય તો ઉત્તમ, જિલ્લા કક્ષાએ ભાગ લીધો હોય તો ખૂબ સારું એ મુજબ ક્લસ્ટર કક્ષાએ ભાગ લીધો હોય તો મધ્યમ ગણાય. અત્રે એ ધ્યાનમાં લેવાનું કે એક કરતાં વધુ વિભાગોમાં જિલ્લા કક્ષાએ ભાગ લીધો હોય તો પણ ઉત્તમ ગણાય. આમ, એક કરતાં વધુ વિભાગોમાં ભાગ લેનાર શાળા, જે તે સ્તર કરતાં એક સ્તર વધુના ગુણાંકનને પાત્ર છે.(મૂલ્યાંકનકારે પ્રમાણપત્રો ચકાસીને આ પ્રવૃત્તિ અંગે ખાતરી કરવી) |
| ૩.૪ | શાળામાં સ્વસ્થ જમીન અને જમીન સંવર્ધનની પ્રવૃત્તિ થાય છે. | ઇકો ક્લબ અંતર્ગત બાળકો દ્વારા સ્વસ્થ જમીનની સંકલ્પનાથી પરિચિત હોય અને જમીન સંવર્ધનની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોય; જમીન સંવર્ધન માટે લીલો પડવાસ, સૂકો પડવાસ, ભેજ વગેરેના મહત્વની સમજણ બાળકોને આપવામાં આવતી હોય; સ્વસ્થ જમીનનો ઉપયોગ બાગબાની વગેરેમાં કરીને બાળકોને સ્વસ્થ જમીનનું પ્રત્યક્ષ મોડેલ દર્શાવવામાં આવતું હોય તો ઉત્તમ ગણાય. ((મૂલ્યાંકનકારે બાળકોને પૂછીને આ પ્રવૃત્તિ અંગે ખાતરી કરવી) |
| ૩.૫ | શાળામાં ઔષધબાગ અને કીચન ગાર્ડન છે | શાળામાં ઔષધ બાગ હોય જેમાં વિવિધ આયુર્વેદિક વનસ્પતિઓનો ઉછેર કરવામાં આવતો હોય; કીચન ગાર્ડનમાં વિવિધ શાકભાજી ઉછેરવામાં આવતાં હોય તો ઉત્તમ ગણાય. (શાળાના બગીચાની મુલાકાત લઇ ખાતરી કરવી) |

<table>
<tr><th>૪.૦</th><th>શાળા પુસ્તકાલય</th><th>ઉત્તમ</th><th>ખૂબ સારું</th><th>સારું</th><th>મધ્યમ</th><th>નબળું</th><th>બિલકૂલ નહી</th></tr>
<tr><td>૪.૧</td><td>શાળા પુસ્તકાલયનો ઉપયોગ તમામ શિક્ષકો કરે છે</td><td colspan="6">શાળાના દરેક શિક્ષક વર્ષમાં ઓછામાં ઓછાં ૧૦ એવાં પુસ્તકો વાંચતા હોય જેના લીધે તેમનું વર્ગકાર્ય બહેતર બને તો ઉત્તમ ગણાય. (શિક્ષકો સાથે તેમણે વાંચેલાં પુસ્તકો અંગે ચર્ચા કરી ખાતરી કરવી)</td></tr>
<tr><td>૪.૨</td><td>શાળા પુસ્તકાલયનો બાળકો ઉપયોગ કરે છે.</td><td colspan="6">શાળાનાં તમામ બાળકો વર્ષ દરમ્યાન ઓછામાં ઓછાં બે-ત્રણ પુસ્તકો વાંચતાં હોય તો ઉત્તમ ગણાય. (બાળકોએ વાંચેલાં પુસ્તકો અંગે તેમણે વાંચેલાં પુસ્તકો અંગે ચર્ચા કરવી)</td></tr>
<tr><td>૪.૩</td><td>વાચન પર્વ, વાચન સપ્તાહ અથવા જ્ઞાન સપ્તાહની ઉજવણી દરમ્યાન શાળા પુસ્તકાલયનો ઉપયોગ થાય છે.</td><td colspan="6">જે બાળકો સારી રીતે વાંચી શકે છે તેઓ વાચન પર્વ તેમજ વાચન સપ્તાહની ઉજવણી દરમ્યાન ઇતર વાચન માટે પુસ્તકાલયનો ઉપયોગ કરતાં હોય, પોતે વાંચેલી વિગતો વર્ગમાં રજુ કરતાં હોય તો ઉત્તમ ગણાય. (ચાલુ શૈક્ષણિક વર્ષનો આ પ્રવૃત્તિનો અહેવાલ ચકાસવો અને બાળકો સાથે ચર્ચા કરવી)</td></tr>
<tr><td>૪.૪</td><td>શાળા પુસ્તકાલયનાં પુસ્તકોનું ધોરણવાર અને વિષયવાર વર્ગીકરણ કરવામાં આવે છે.</td><td colspan="6">શાળા પુસ્તકાલયમાં ઉપલબ્ધ તમામ પુસ્તકોનું વિષયવાર વર્ગીકરણ કરવામાં આવ્યું હોય. (દા.ત. નવલકથા, નવલિકા, કવિતા, બાલવાર્તા વગેરે). આ ઉપરાંત, કયાં પુસ્તકો કયા ધોરણને અનુરૂપ છે તેનું વર્ગીકરણ પણ કરવામાં આવ્યું હોય તો ઉત્તમ ગણાય. (મૂલ્યાંકનકારે પુસ્તકોનું વર્ગીકરણ થયું છે કે નહી તેની ચકાસણી કરવી)</td></tr>
<tr><td>૪.૫</td><td>બાળકોએ વાંચેલા પુસ્તકો વિશે પ્રાર્થનાસભામાં રજુઆત કરવામાં આવે છે.</td><td colspan="6">બાળકો પોતે વાંચેલ પુસ્તકનો સાર પ્રાર્થનાસભામાં રજુ કરતાં હોય, દર અઠવાડિયે ઓછામાં ઓછું એકવાર આ પ્રવૃત્તિ થતી હોય, દર અઠવાડિયે જુદાં જુદાં બાળકો દ્વારા પુસ્તક વિશે રજુઆત કરવામાં આવતી હોય તો ઉત્તમ ગણાય. (મૂલ્યાંકનકારે બાળકો સાથે ચર્ચા કરી ખાતરી કરવી)</td></tr>
<tr><th>૫.૦</th><th>સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને બાલસભા</th><th>ઉત્તમ</th><th>ખૂબ સારું</th><th>સારું</th><th>મધ્યમ</th><th>નબળું</th><th>બિલકૂલ નહી</th></tr>
<tr><td>૫.૧</td><td>શાળામાં વાર્ષિકોત્સવની ઉજવણી યોગ્ય રીતે થાય છે.</td><td colspan="6">શાળામાં દર વર્ષે વાર્ષિકોત્સવ યોજાતો હોય જેમાં ગરબા, રાસ, નાટક, નૃત્ય, ગીત, અભિનય ગીત, મૂક અભિનય વગેરે જેવા કાર્યક્રમો સામેલ હોય; આ કાર્યક્રમમાં શાળાનાં મોટાભાગનાં બાળકો સહભાગી થતાં હોય તેમજ ગામલોકો અને વાલીઓ જોવા માટે આવતાં હોય તો ઉત્તમ ગણાય. (ગામલોકો અને બાળકો સાથે ચર્ચા કરી ખાતરી કરવી)</td></tr>
<tr><td>૫.૨</td><td>સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં શાળાનાં મોટાભાગનાં બાળકો ભાગ લે છે.</td><td colspan="6">શાળામાં વિવિધ દિનની ઉજવણી નિમિત્તે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન થતું હોય અને આ પ્રવૃત્તિઓમાં શાળાનાં મોટાભાગનાં બાળકો સહભાગી થતાં હોય તો ઉત્તમ ગણાય.</td></tr>
</table>

| | | |
|---|---|---|
| | | (શાળા દ્વારા તૈયાર કરવામાં આવેલ અહેવાલ અથવા પ્રવૃત્તિ રજીસ્ટર ચકાસવું અને બાળકો સાથે ચર્ચા કરી ખાતરી કરવી) |
| ૫.૩ | રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી દરમ્યાન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. | રાષ્ટ્રીય પર્વો જેવાં કે ગણતંત્ર દિવસ, પ્રજાસત્તાક દિન, શહીદ દિન, રેંટિયા બારસ/ગાંધી જયંતિ વગેરેની ઉજવણી દરમ્યાન વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ યોજવામાં આવતી હોય તો ઉત્તમ ગણાય. (બાળકો સાથે ચર્ચા કરી ખાતરી કરવી) |
| ૫.૪ | શાળામાં દર સપ્તાહે બાલસભાનું આયોજન થાય છે. | શાળામાં દર સપ્તાહે એકવાર બાલસભાનું આયોજન થતું હોય જેમાં દરેક ધોરણનાં બાળકો વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ રજુ કરતાં હોય તો ઉત્તમ ગણાય. (બાળકો સાથે ચર્ચા કરી ખાતરી કરવી) |
| ૫.૫ | સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં કન્યાઓની સપ્રમાણ ભાગીદારી હોય છે. | સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં કન્યાઓની સપ્રમાણ ભાગીદારીનો અર્થ એ છે કે જે પ્રવૃત્તિઓ કુમાર કરે છે ત પ્રવૃત્તિઓ કન્યાઓ પણ કરતી હોય. જેમ કે સ્વાગતગીત માત્ર કન્યાઓ જ કરે તો તે યોગ્ય નથી એ જ રીતે રાસ માત્ર કુમારો જ કરે તે પણ બરાબર નથી. તમામ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં કન્યા અને કુમારને સમાન તક મળતી હોય તો ઉત્તમ ગણાય. (શિક્ષકો અને બાળકો સાથે ચર્ચા કરી ખાતરી કરવી) |

# ૪. સંસાધનોનો ઉપયોગ અને લોક ભાગીદારીનું મૂલ્યાંકન

૪.૧ શાળામાં ઉપલબ્ધ સુવિધાઓ તેમજ અન્ય સંસાધનોનો યોગ્ય ઉપયોગ શાળાની ગુણવત્તામાં અને બાળકોની શૈક્ષણિક ગુણવત્તામાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. લોક સહકાર માત્ર ભૌતિક સુવિધાઓ પૂરતો મર્યાદિત નથી. શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પણ લોકોની ભાગીદારી હોય તે ઇચ્છનીય છે. શાળામાં ઉપલબ્ધ સંસાધનોમાં વિવિધ શૈક્ષણિક તેમજ ભૌતિક સામગ્રીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, લોક સહકાર, સ્વચ્છતા અને અન્ય બાબતોનો સમાવેશ પણ આ વિભાગમાં કરવામાં આવ્યો છે. આ વિભાગનો ગુણભાર પણ ૨૦% છે. સહ-અભ્યાસ પ્રવૃત્તિઓની જેમ જ આ વિભાગમાં પણ દરેક વિધાનનો ભાવાર્થ સમજીને શાળાની પ્રવર્તમાન સ્થિતિ મુજબ મૂલ્યાંકન કરવાનું છે.

૪.૨ સંસાધનોના ઉપયોગ અંતર્ગત પેટા વિભાગોમાં આપેલ વિધાનની ગુણવત્તાને ધ્યાને લઇ તેનું મૂલ્યાંકન કરવાનું છે. જે તે પ્રવૃત્તિના શીર્ષક નીચે આપેલ વિધાનોને ઉત્તમ, ખૂબ સારું, સારું, મધ્યમ, નબળું અને બિલકૂલ નહી એવા ગુણાત્મક પરિમાણોને ધ્યાને લઇ લાગુ પડતા ખાનામાં (✓)ટીકમાર્ક કરવાનું છે.

| | **પ્રવૃત્તિ મૂલ્યાંકનનાં ધોરણો** | **ઉત્તમ** | **ખૂબ સારું** | **સારું** | **મધ્યમ** | **નબળું** | **બિલકૂલ નહી** |
|---|---|---|---|---|---|---|---|
| | **ગુણ** | **૫** | **૪** | **૩** | **૨** | **૧** | **૦** |
| **૧.૦** | **પાઠ્યપુસ્તકો અને મૂલ્યાંકન** | | | | | | |
| ૧.૧ | તમામ બાળકોને પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ છે. | શાળાનાં તમામ બાળકો પાસે તેમના ધોરણનાં તમામ પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ હોય તો ઉત્તમ ગણાય. જો કોઇક બાળકોને પુસ્તકો ન મળ્યાં હોય અથવા એકાદ પુસ્તક વર્ગનાં ઘણાં બાળકોને ન મળ્યું હોય તો મધ્યમ ગણાય.(શાળાના શિક્ષકો, બાળકો અને વાલીઓ સાથે ચર્ચા કરીને આ વિભાગનું મૂલ્યાંકન કરવું) | | | | | |
| ૧.૨ | બાળકો પાઠ્યપુસ્તક/નોટબૂકમાં લેખનકાર્ય કરે છે | ધોરણ ૧ થી ૮ નાં બાળકો માટે સરકાર દ્વારા આપવામાં આવેલાં પાઠ્યપુસ્તકોમાં અથવા નોટબૂકમાં બાળકો દ્વારા જે તે વિષયવસ્તુ આધારિત લેખનકાર્ય થતું હોય તો ઉત્તમ ગણાય. | | | | | |
| ૧.૩ | બાળકોએ કરેલું લેખનકાર્ય શિક્ષકો દ્વારા ચકાસવામાં અને સુધારવામાં આવે છે. | તમામ બાળકોનું લેખનકાર્ય શિક્ષકો દ્વારા ચકાસવામાં આવતું હોય અને તેમાં શિક્ષક દ્વારા જરૂરી સુધારા કે સૂચનો આપવામાં આવતાં હોય તો ઉત્તમ ગણાય. | | | | | |

<table>
<tr><td></td><td></td><td colspan="6">(બાળકોની નોટબૂક અને પાઠ્યપુસ્તકો જોવાં અને શિક્ષકે નિયમિત રીતે ચકાસીને નોંધ કરી છે કે કેમ તે ચકાસવું)</td></tr>
<tr><td>૧.૪</td><td>સાક્ષરી વિષયોનું સતત મૂલ્યાંકન થાય છે.</td><td colspan="6">શિક્ષક પોતાના રોજબરોજના અવલોકન દ્વારા, સામયિક કસોટી યોજીને અથવા અન્ય રીતે બાળકોનું સતત મૂલ્યાંકન કરતા હોય અને એ મૂલ્યાંકન બાદ જરૂરી ઉપચારાત્મક કાર્ય કરતા હોય તો ઉત્તમ ગણાય. (દરેક વિષય માટે શિક્ષકે બાળકદીઠ નિભાવેલ રજીસ્ટર/પત્રક-એ ચકાસવાં)</td></tr>
<tr><td>૧.૫</td><td>સર્વાંગી શિક્ષણ માટે જરૂરી મૂલ્યાંકન થાય છે.</td><td colspan="6">સાક્ષરી વિષયો ઉપરાંત દરેક બાળક ચિત્ર, સંગીત, વ્યાયામ વગેરે વિષયોમાં કેવી પ્રગતિ કરી રહ્યું છે એની નોંધ શિક્ષક રાખતા હોય તો ઉત્તમ ગણાય. (પત્રક બી અને શિક્ષકે રાખેલી નોંધ ચકાસવી)</td></tr>
<tr><td>૨.૦</td><td>મધ્યાહ્ન ભોજન યોજના</td><td>ઉત્તમ</td><td>ખૂબ સારું</td><td>સારું</td><td>મધ્યમ</td><td>નબળું</td><td>બિલકૂલ નહી</td></tr>
<tr><td>૨.૧</td><td>શાળામાં નિયમિત મધ્યાહ્ન ભોજન યોજના ચાલે છે.</td><td colspan="6">શાળાના તમામ કાર્યદિવસો દરમ્યાન એટલે કે ઓછામાં ઓછું ૨૨૦ દિવસ મધ્યાહન ભોજન ચાલતું હોય તો ઉત્તમ ગણાય.</td></tr>
<tr><td>૨.૨</td><td>મધ્યાહ્ન ભોજન યોજનાનો લાભ તમામ બાળકો લે છે.</td><td colspan="6">શાળામાં હાજર તમામ બાળકો મધ્યાહ્ન ભોજનનો નિયમિત લાભ લેતાં હોય તો ઉત્તમ ગણાય.</td></tr>
<tr><td>૨.૩</td><td>તમામ બાળકો હાથપગ અને મોં ધોઇને જમવા બેસે છે.</td><td colspan="6">શાળાનાં તમામ બાળકો હાથ-મોં ધોઇને જ જમવા બેસતાં હોય તો ઉત્તમ ગણાય.</td></tr>
<tr><td>૨.૪</td><td>મધ્યાહ્ન ભોજન અંતર્ગત અપાતા ભોજનની ગુણવત્તા શિક્ષકો દ્વારા ચકાસવામાં આવે છે.</td><td colspan="6">મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત બાળકોને આપવામાં આવતી રસોઇની ગુણવત્તા નિયમિત રીતે શિક્ષકો દ્વારા ચકાસવામાં આવતી હોય તો ઉત્તમ ગણાય.</td></tr>
<tr><td>૨.૫</td><td>મધ્યાહ્ન ભોજન માટેની રસોઇની તેમજ બાળકોની બેસવાની જગ્યા સ્વચ્છ રાખવામાં આવે છે.</td><td colspan="6">મધ્યાહ્ન ભોજન યોજનાનું રસોડું, બાળકો જમવા બેસતાં હોય તે જગ્યા, રસોઇ તેમજ પીરસવાનાં સાધનો, બાળકો જમવામાં ઉપયોગ કરતાં હોય તે વાસણો નિયમિત રીતે તેમજ સારી રીતે સાફ થતાં હોય તો ઉત્તમ ગણાય.</td></tr>
<tr><td>૩.0</td><td>પાણી અને શૌચાલય</td><td>ઉત્તમ</td><td>ખૂબ સારું</td><td>સારું</td><td>મધ્યમ</td><td>નબળું</td><td>બિલકૂલ નહી</td></tr>
<tr><td>૩.૧</td><td>પીવાલાયક પાણી તમામ બાળકોને સરળતાથી ઉપલબ્ધ છે.</td><td colspan="6">સમગ્ર વર્ષ દરમ્યાન બાળકોને નિયમિત પાણી મળી રહેતું હોય, શાળાનાં તમામ બાળકો સરળતાથી પાણી પી શકે તેટલી ઊંચાઇવાળા નળ અથવા માટલીની વ્યવસ્થા હોય, શાળામાં ઉપલબ્ધ પાણીની ગુણવત્તા સારી હોય તો ઉત્તમ ગણાય.</td></tr>
<tr><td>૩.૨</td><td>પાણીની સુવિધા (ટાંકી) તથા શૌચાલયની</td><td colspan="6">પીવાના પાણીની ટાંકીની સફાઇ અવારનવાર કરવામાં</td></tr>
</table>

<table>
<tr><td></td><td>સફાઇ યોગ્ય સામગ્રી દ્વારા નિયમિત રીતે થાય છે.</td><td colspan="6">આવતી હોય કે જેથી પાણીમાં ગંદકી ન થાય. આ ઉપરાંત, શાળા શૌચાલયની સફાઇ નિયમિત રીતે એસિડ-ફિનાઇલ વગેરેના ઉપયોગ દ્વારા થતી હોય તો ઉત્તમ ગણાય.</td></tr>
<tr><td>૩.૩</td><td>તમામ શૌચાલયોમાં પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ છે.</td><td colspan="6">દિવસ દરમ્યાન શૌચાલયના ઉપયોગ બાદ હાથ-પગ ધોવા તેમજ શૌચાલયની સફાઇ માટે જરૂરી પાણી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોય તો ઉત્તમ ગણાય.</td></tr>
<tr><td>૩.૪</td><td>વેસ્ટ (waste) પાણીનો ઉપયોગ શાળાની બાગબાની માટે થાય છે</td><td colspan="6">પાણીની પરબમાંથી વહી જતું, તેમજ હાથ-પગ ધોવામાં વપરાયેલું પાણી વ્યર્થ ન જાય અને તેનો ઉપયોગ શાળાના બાગબગીચા, ફૂલછોડ વગેરે માટે થતો હોય તો ઉત્તમ ગણાય.</td></tr>
<tr><td>૩.૫</td><td>વરસાદી પાણીના સંગ્રહ માટેની સુવિધા કાર્યરત છે અને સંગ્રહ થયેલા પાણીનો યોગ્ય ઉપયોગ થાય છે. (જો શાળામાં આ સુવિધા હોય તો જ ગુણાંકન કરવું અન્યથા ખાલી છોડવું.)</td><td colspan="6">શાળામાં વરસાદી પાણીના સંગ્રહ માટેની સુવિધા હોય, આ સંગ્રહસ્થાનની યોગ્ય સફાઇ થતી હોય, સંગ્રહસ્થાને એકઠા થયેલા વરસાદી પાણીનો પીવાના પાણી તરીકે ઉપયોગ થતો હોય તો ઉત્તમ ગણાય.</td></tr>
<tr><td>૪.૦</td><td>કોમ્પ્યુટરનો ઉપયોગ<br>(જો શાળામાં કોમ્પ્યુટર હોય તો જ આ વિભાગ ભરવો અન્યથા ખાલી છોડવો)</td><td>ઉત્તમ</td><td>ખૂબ સારું</td><td>સારું</td><td>મધ્યમ</td><td>નબળું</td><td>બિલકૂલ નહી</td></tr>
<tr><td>૪.૧</td><td>શાળામાં કોમ્પ્યુટર કાર્યરત છે.</td><td colspan="6">શાળામાં ઉપલબ્ધ તમામ કોમ્પ્યુટર સમગ્ર વર્ષ દરમ્યાન ઉપયોગમાં લઇ શકાય તેવી સ્થિતિમાં હોય (બગડેલાં ન હોય) તો ઉત્તમ ગણાય.</td></tr>
<tr><td>૪.૨</td><td>તમામ શિક્ષકો કોમ્પ્યુટરનો શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ કરે છે.</td><td colspan="6">શાળાના તમામ શિક્ષકો અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાના ભાગરૂપે અવારનવાર કોમ્પ્યુટરનો ઉપયોગ કરતાં હોય તો ઉત્તમ ગણાય. (બાળકો સાથે ચર્ચા કરી ખાતરી કરવી, શિક્ષકોએ ચાલુ સત્રમાં કોમ્પ્યુટર દ્વારા શું ભણાવ્યું છે તેની વિગતો ચકાસવી)</td></tr>
<tr><td>૪.૩</td><td>તમામ શિક્ષકો કોમ્પ્યુટરનો વહીવટી હેતુ માટે ઉપયોગ કરે છે.</td><td colspan="6">શાળાના તમામ શિક્ષકો શાળાની વહીવટી-આંકડાકીય બાબતો, પત્રો, પત્રકો વગેરે માટે હંમેશાં કોમ્પ્યુટરનો ઉપયોગ કરતાં હોય તો ઉત્તમ ગણાય. (શાળાકીય પત્રકોની નકલો ચકાસી ખાતરી કરવી)</td></tr>
<tr><td>૪.૪</td><td>ધોરણ ૬ થી ૮ નાં બાળકો કોમ્પ્યુટરનો ઉપયોગ કરે છે</td><td colspan="6">ધોરણ ૬ થી ૮ નાં તમામ બાળકો કોમ્પ્યુટરનો ઉપયોગ કરીને વિષયવસ્તુ આધારિત કાર્યક્રમો જાતે ચલાવી શકતાં હોય તો ઉત્તમ ગણાય. (કેટલાંક બાળકોને કોમ્પ્યુટરનો ઉપયોગ કરવાનું કહીને ખાતરી કરવી)</td></tr>
<tr><td>૪.૫</td><td>દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ બાળકોને નિયમિત</td><td colspan="6">દર અઠવાડિયે ત્રાણ દિવસ બાયસેગ દ્વારા પ્રસારિત થતા</td></tr>
</table>

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | રીતે બતાવવામાં આવે છે. (માત્ર ધોરણ ૬ થી ૮ હોય તેવી શાળાઓએ આ વિધાનમાં જવાબ આપવો. અન્ય શાળાઓએ આ વિધાન સામેના ખાનામાં કંઇ જ દર્શાવવું નહી) | શૈક્ષણિક (ધોરણ ૬ થી ૮ના ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી આધારિત)કાર્યક્રમો બાળકોને નિયમિત રીતે બતાવવામાં આવતા હોય અને તેની નોંધ રાખવામાં આવતી હોય તો ઉત્તમ ગણાય. (શિક્ષકો અને બાળકોને પૂછીને ખાતરી કરવી.) | | | | | | |
| **૫.૦** | **લોકભાગીદારી** | **ઉત્તમ** | **ખૂબ સારું** | **સારું** | **મધ્યમ** | **નબળું** | **બિલકૂલ નહી** | |
| ૫.૧ | એસ.એમ.સી.બેઠકો નિયમિત મળે છે જેમાં પુરૂષ સભ્યો અને મહિલા સભ્યોની સપ્રમાણ ભાગીદારી હોય છે. | એસ.એમ.સી.ની બેઠક દર ત્રણ માસે મળતી હોય જેમાં મોટાભાગનાં (કમ સે કમ ૧૦) સભ્યો હાજર હોય. મહિલા સભ્યોની પણ સપ્રમાણ હાજરી હોય, તથા બેઠકમાં થતી ચર્ચા અને નિર્ણયોમાં મહિલા સભ્યોની સામેલગીરી હોય તો ઉત્તમ ગણાય. (મૂલ્યાંકનકારે એસ.એમ.સી.ના સભ્યો સાથે ચર્ચા કરી ખાતરી કરવી) | | | | | | |
| ૫.૨ | ડાયસ ફોર્મ અંતર્ગત તૈયાર થતી શાળાની માહિતીનું જનવાચન કરવામાં આવે છે અને શાળા અંગેની આ તમામ માહિતીથી ગામલોકોને વાકેફ કરવામાં આવે છે. | શાળા દ્વારા ડાયસ ફોર્મ ભરાઇ ગયા પછી એસ.એમ.સી. ના તમામ સભ્યોને દરેક માહિતી જણાવવામાં આવતી હોય તથા વર્ષ ઓછામાં ઓછું એકવાર ગ્રામસભામાં આ ફોર્મ આધારિત વિગતો ગામલોકો સમક્ષ રજુ કરવામાં આવતી હોય અને તે સંદર્ભે ચર્ચા કરવામાં આવતી હોય તો ઉત્તમ ગણાય. (એસ.એમ.સી.ના સભ્યો તથા શિક્ષકો સાથે ચર્ચા કરીને ખાતરી કરવી કે ડાયસ ફોર્મનું જનવાંચન થયું છે કે નહી) | | | | | | |
| ૫.૩ | બાળકોની શૈક્ષણિક પ્રગતિથી વાલીઓને વાકેફ કરવામાં આવે છે. | શાળામાં નિયમિત રીતે વાલી બેઠકનું આયોજન થતું હોય તથા વાલી બેઠક દરમ્યાન દરેક વાલીને તેના બાળકનો પોર્ટફોલિયો, પ્રોફાઇલ અથવા શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન પત્રકો બતાવવામાં આવતાં હોય, બાળકની વિશેષ બાબતો, સુધારાત્મક બાબતોથી વાલીને વાકેફ કરવામાં આવતા હોય તો ઉત્તમ ગણાય. (વાલી બેઠકની મિનિટ્સ ચાસવી તેમજ બાળકો અને વાલીઓને પૂછીને ખાતરી કરવી) | | | | | | |
| ૫.૪ | એસ.એમ.સી. દ્વારા શાળા વિકાસ યોજના તૈયાર કરવામાં આવે છે તથા એસ.એમ.સી.નાં સભ્યો શાળાની ભૌતિક સુવિધાઓના નિર્માણ અને જાળવણીમાં ભાગ લે છે | સમગ્ર વર્ષ દરમ્યાન શાળામાં કઇ કઇ પ્રવૃત્તિઓ થશે તેનું આયોજન (શાળા વિકાસ યોજના) એસ.એમ.સી.ના સભ્યો દ્વારા તૈયાર થતું હોય જેમાં માત્ર ભૌતિક સુવિધાઓ જ નહી પરંતુ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો પણ સમાવેશ થયેલો હોય, એસ.એમ.સી.ના સભ્યો શાળાની ભૈતિક સુવિધાઓના નિર્માણમાં રસ લેતાં હોય, શાળાસમય સિવાયના સમયમાં શાળા પરિસરને નુકસાન ન થાય તેની | | | | | | |

<table>
<tr><td></td><td></td><td colspan="6">કાળજી લેતાં હોય તો ઉત્તમ ગણાય. (શાળા વિકાસ યોજના ચકાસવી અને એસ.એમ.સી.ના સભ્યો સાથે ચર્ચા કરી ખાતરી કરવી)</td></tr>
<tr><td>૫.૫</td><td>એસ.એ.સી. બેઠકમાં શાળા વિકાસ યોજનાને ધ્યાનમાં રાખીને પ્રગતિની સમીક્ષા કરવામાં આવે છે.</td><td colspan="6">એસ.એમ.સી.ની બેઠકના એજન્ડા શાળા વિકાસ યોજના આધારિત હોય, વર્ષ દરમ્યાન કરવાનાં કાર્યો પૈકી કેટલાં કાર્યો થયાં, કેટલાં બાકી વગેરેની સમીક્ષા થતી હોય અને એ મુજબ એસ.એ.સી. બેઠકની કાર્યવાહી નોંધ લખાતી હોય તો ઉત્તમ ગણાય. (શાળા વિકાસ યોજના જોવી અને એસ.એમ.સી.ના સભ્યો તેમજ શિક્ષકો સાથે ચર્ચા કરી ખાતરી કરવી)</td></tr>
<tr><td>૬.૦</td><td>અન્ય</td><td>ઉત્તમ</td><td>ખૂબ સારું</td><td>સારું</td><td>મધ્યમ</td><td>નબળું</td><td>બિલકૂલ નહી</td></tr>
<tr><td>૬.૧</td><td>તમામ ઓરડાઓમાં સુરક્ષિત વીજવ્યવસ્થા છે</td><td colspan="6">શાળાના તમામ વર્ગખંડોમાં વીજ વ્યવસ્થા હોય, જરૂરી લાઇટ અને પંખાની સુવિધા હોય તથા વીજળી માટેનું વાયરિંગ અને બોર્ડ વગેરે સલામત હોય તો ઉત્તમ ગણાય.</td></tr>
<tr><td>૬.૨</td><td>શાળા દ્વારા બાળકોને શૈક્ષણિક મુલાકાત, પર્યટન અને પ્રવાસ કરાવવામાં આવે છે અને ત્યારબાદ તેનું શૈક્ષણિક અનુકાર્ય થાય છે.</td><td colspan="6">શાળાનાં બાળકોને અવારનવાર શૈક્ષણિક મુલાકાત, વર્ષમાં એકવાર પર્યટન અથવા પ્રવાસ કરાવવામાં આવતો હોય તથા મુલાકાત, પર્યટન, પ્રવાસમાંથી પરત આવ્યા બાદ દરેક બાળક સહભાગી થાય તે રીતે તેના અનુકાર્ય થતું હોય (ચર્ચા, અહેવાલ બનાવવો, અહેવાલ રજુ કરવો, વિષયવસ્તુ સાથે પ્રવાસનું જોડાણ કરવું) તો ઉત્તમ ગણાય. (શિક્ષકો અને બાળકો સાથે ચર્ચા કરવી, પ્રવાસ અહેવાલ ચકાસવો)</td></tr>
<tr><td>૬.૩</td><td>શાળામાં કન્યાઓ અને કુમારની હાજરી સમગ્ર વર્ષ દરમ્યાન સપ્રમાણ રહે છે.</td><td colspan="6">શાળાનાં બાળકોની સરેરાશ હાજરી ૮૫% થી વધુ રહેતી હોય તથા કન્યાઓની સરેરાશ હાજરી પણ ૮૫% થી વધુ રહેતી હોય તો ઉત્તમ ગણાય.</td></tr>
<tr><td>૬.૪</td><td>શાળાસફાઇની દરેક પ્રવૃત્તિમાં કુમાર અને કન્યાની સપ્રમાણ ભાગીદારી હોય છે.</td><td colspan="6">શાળા પરિસરમાં સમાવિષ્ટ વર્ગખંડો, મેદાન, લોબી, પાણીની ટાંકી, શૌચાલય વગેરે તમામ પ્રકારની સફાઇમાં કુમાર અને કન્યાઓ જોડાતી હોય તો ઉત્તમ ગણાય. (શિક્ષકો અને બાળકો સાથે ચર્ચા કરી ખાતરી કરવી)</td></tr>
<tr><td>૬.૫</td><td>શિક્ષકો વર્ગકાર્યમાં તાલીમનો ઉપયોગ કરે છે.</td><td colspan="6">શાળાના તમામ શિક્ષકો તમામ તાલીમમાં પૂર્ણ સમય માટે ભાગ લેતાં હોય અને એ તાલીમનો અધ્યયન-અધ્યાપન કાર્યમાં પૂર્ણપણે ઉપયોગ કરતાં હોય તો ઉત્તમ ગણાય. (ચાલુ વર્ષના પ્રથમ સત્રનું શિક્ષક તાલીમ મોડયુલ શિક્ષક પાસે માંગવું અને ચકાસવું. શિક્ષક એ મુજબ કાર્ય કરે છે કે નહી તેની ચર્ચા શિક્ષક અને બાળકો સાથે કરી ખાતરી કરવી)</td></tr>
</table>

# શાળા કક્ષાએ ગુણોત્સવ કાર્યક્રમનું સમયપત્રક

| સમય | મિનીટ | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૦:૩૦ થી ૧૦:૫૦ | ૨૦ | સમૂહ પ્રાર્થના |
| ૧૦:૫૦ થી ૧૧:૦૦ | ૧૦ | વર્ગવ્યવસ્થા અને હાજરી |
| ૧૧:૦૦ થી ૧૨:૪૦ | ૧૦૦ | ધોરણ ૬ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓની કસોટી |
| ૧૧:૦૦ થી ૧૨:૪૦ | ૧૦૦ | ધોરણ ૨ થી ૫ માં વર્ગશિક્ષક દ્વારા તમામ વિદ્યાર્થીઓને વાચન કરાવી અલગ કાગળમાં ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન કરવું. |
| ૧૨:૪૦ થી ૧૨:૫૦ | ૧૦ | વિરામ |
| ૧૨:૫૦ થી ૧૩:૫૦ | ૬૦ | • ધોરણ ૨ ના તમામ વિદ્યાર્થીઓની શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન.<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુણાંકન પૈકી પસંદગીના ૨૦% બાળકોનું વાચન કૌશલ્ય ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૧૩:૫૦ થી ૧૪:૩૦ | ૪૦ | મધ્યાહ્ન ભોજન |
| ૧૪:૩૦ થી ૧૫:૧૦ | ૪૦ | • ધોરણ ૩ ના તમામ વિદ્યાર્થીઓની શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન.<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુણાંકન પૈકી પસંદગીના ૨૦% બાળકોનું વાચન કૌશલ્ય ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૧૫:૧૦ થી ૧૫:૫૦ | ૪૦ | • ધોરણ ૪ ના તમામ વિદ્યાર્થીઓની શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન.<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુણાંકન પૈકી પસંદગીના ૨૦% બાળકોનું વાચન કૌશલ્ય ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૧૫:૫૦ થી ૧૬:૦૦ | ૧૦ | વિરામ |
| ૧૬:૦૦ થી ૧૬:૪૦ | ૪૦ | • ધોરણ ૫ ના તમામ વિદ્યાર્થીઓની શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન.<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુણાંકન પૈકી પસંદગીના ૨૦% બાળકોનું વાચન કૌશલ્ય ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૧૬:૪૦ થી ૧૭:૩૦ | ૫૦ | સાંસ્કૃતિક કાર્યક્રમ, SMC, વાલીઓ સ્વામી વિવેકાનંદ યુવક કેન્દ્ર, સખીમંડળના પ્રતિનિધિઓ સાથે બેઠક કરવી અને શાળા મૂલ્યાંકન પત્રક ભરવાનું કાર્ય પૂર્ણ કરવું. |